શરીર અને મન માટે 'પ્રસન્નતા' અતિ આવશ્યક છે
- એડિસન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૦ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; માગશર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે ગાંધીનગરમાં મત ગણતરી

## સે-૧૫માં સરકારી આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે ૫૦૦ કર્મચારીઓ દ્વારા પાંચ બેઠકોની મતગણતરીની કામગીરી કરાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે આજે સવારે ૮ વાગે સે-૧૫માં આવેલ આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે મતગણતરી આરંભાશે. આ મતગણતરીની કામગીરી માટેની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

સવારે પાંચ વાગ્યે મતગણતરી માટે નિમણુંક પામેલા કર્મચારીઓનું રેન્ડમાઈઝેશન ચૂંટણી પંચના નિરીક્ષકોની હાજરીમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવશે. આ પછી આ ગણતરીદારો સાડા સાત સુધીમાં જે તે ચૂંટણી અધિકારી સમક્ષ હાજર રિપોર્ટ રજુ કરશે.

સવારે બરાબર ૮ વાગે મતગણતરીનું કાર્ય હાથ ધરાશે. આર્ટસ કોલેજમાં બે બેઠકો ગાંધીનગર (ઉ) અને કલોલની મતગણતરી કરવામાં આવશે જયારે કોમર્સ કોલેજમાં દહેગામ, માણસા અને ગાંધીનગર (દ)ની મતગણતરી હાથ ધરાશે.

મતગણતરીનું કાર્ય શરૂ કરતાં પૂર્વે પોષ્ટલ બેલેટની કામગીરી હાથ ધરવામાં આવશે. આ મતગણતરી શરૂ થયાના અર્ધા કલાક બાદ ઈ.વી.એમ.ના વોટસની ગણતરી શરુ કરવામાં આવશે.

દરેક વિધાનસભા મતવિસ્તાર માટે એક સાથે ૧૪ ટેબલ પર મતગણતરીનું કામ શરૂ થશે. આ મતગણતરી ના જેમ જેમ રાઉન્ડ પૂર્ણ થશે તેમ તેમ તેની જાહેરાત કરવામાં આવશે જેથી સમર્થકોને ગણતરીની વિગતો પ્રાપ્ત થઈ શકે.

ગાંધીનગર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આ અંગેની જરુરી તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. જિલ્લા કલેકટરશ્રીએ આજે મતગણતરી સ્થળની મુલાકાત લીધી હતી અને તૈયારીની સમીક્ષા પણ કરી હતી.

● અનુસંધાન પાન-૪ પર



ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ગુરુવારે સવારે ૮ વાગે સે-૧૫માં આવેલ આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે મતગણતરી આરંભાઈ રહી છે. આ મતગણતરીની કામગીરી માટેની તૈયારીઓ તંત્ર દ્વારા બુધવારે કરવામાં આવી હતી. કામગીરી ચોક્સાઈપૂર્વક અને સરળતાથી થઈ શકે તે માટે મત ગણતરીમાં જોડાઈ રહેલા કર્મચારીઓ સાથે કામગીરી અને તેની વહેંચણી અંગેની આખર ચર્ચા કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

# જિલ્લાની પાંચ બેઠકો માટે દસ હજાર પોષ્ટલ બેલેટ

## સૌથી વધુ ગાંધીનગર (ઉત્તર) માટે ૪૩૨૩, કલોલમાં ૧૨૦૦, માણસા અને ગાંધીનગર (દક્ષિણ)માં ૧૪૦૦-૧૪૦૦ તથા દહેગામમાં ૧૨૯૨ પોષ્ટલ બેલેટ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટે ૧૦ હજાર મતદારોએ પોષ્ટલ મતદાનથી મતાધિકારનો ઉપયોગ આજે સાંજ સુધીમાં કર્યો છે. જેમાં સૌથી વધુ પોષ્ટલ બેલેટ ગાંધીનગર (ઉ)ની બેઠક માટે મળ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૦૭ની ચૂંટણીમાં ગાંધીનગર, દહેગામ અને માણસાની બેઠકો પર વિજેતા ઉમેદવારની સરસાઈ પાતળી રહી હતી. આ વખતની ચૂંટણીમાં આ પોષ્ટલ બેલેટનું મતદાન પણ મહત્વનું પૂરવાર થશે તેવું રાજકીય પંડીતોનું માનવું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ) બેઠક માટે ૪૩૨૩ જેટલા પોષ્ટલ બેલેટ તંત્રને મળ્યા છે. કલોલમાં ૧૨૦૦ જેટલા, માણસા અને ગાંધીનગર (દ)ની બેઠક પર ૧૪૦૦-૧૪૦૦ તથા દહેગામની બેઠક પર ૧૨૯૨ પોષ્ટલ બેલેટ મળ્યા છે.

આ પોષ્ટલ બેલેટ સવારે ૮ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. આ માટે પોષ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા કાલે સવારે ખાસ ડીલીવરી કરવામાં પણ આવનાર છે.

ચૂંટણી પંચે પોષ્ટલ બેલેટથી મતદાન માટેની વ્યાખ્યામાં સુધારો કરી અને ચૂંટણી વિષયક કામગીરી સાથે સંકળાયેલા તમામને પણ સાંકળી લેતાં આ પોષ્ટલ બેલેટનું મતદાન પણ મહત્વનું બન્યું છે.

જિલ્લામાં ૧૧ હજારથી વધુ કર્મચારીઓ ચૂંટણી વિષયક કામગીરી સાથે સંકળાયેલા છે જયારે ૧૯૧ જેટલા સર્વિસ વોટર્સ છે. જિલ્લામાં આ મત ગણતાં કુલ ૭.૫૪ લાખથી વધુ મત ગણવાના થશે.

આ પોષ્ટલ બેલેટની ગણતરી પ્રથમ સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. આ પછી ઈ.વી.એમ.ની ગણતરી શરુ કરાશે.

દરમિયાન પ્રાપ્ત થતી વિગતો મુજબ પોષ્ટલ બેલેટની ગણતરની કામગીરીમાં મદદરુપ થવા માટે પાંચ અધિકારીઓની ચૂંટણી અધિકારીઓ સાથે નિમણુંક કરવામાં આવી છે.

રાજયમાં ગાંધીનગર જિલ્લો સર્વિસ વોટર્સની સંખ્યામાં અગ્રેસર છે. જામનગરમાં પણ પોષ્ટલ બેલેટના કર્મચારીઓની સંખ્યા વધુ છે.

### વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ આયોજનની પૂર્વતૈયારીઓની સમીક્ષા

## હેલીપેડ ગ્રાઉન્ડ ઉપર એક લાખ ચો.મી.નું ઈન્ટરનેશનલ મેગા એક્ઝીબીશન

### માત્ર મૂડીરોકાણ સમજૂતિ કરાર નહિં, નવીનતાભરી પહેલ, લઘુ ઉદ્યોગને કેન્દ્રસ્થાન



ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગામી જાન્યુઆરી-૨૦૧૩માં ગુજરાતમાં મહાત્મા મંદિર ખાતે યોજાનારી મહત્વાકાંક્ષી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩ની સર્વગ્રાહી આયોજનની પૂર્વતૈયારીઓ અંગે મહાત્મા મંદિર ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી.

સાંજે સતત બે કલાક ચાલેલી આ સમીક્ષા બેઠકમાં ગુજરાત જે રીતે ગ્લોબલ બિઝનેસ હબ તરીકે દુનિયામાં પોતાની પ્રતિષ્ઠા ધરાવતું થયું છે તેને ધ્યાનમાં લઈને આ સમિટનું આયોજન કરવા મુખ્યમંત્રીશ્રીએ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની સાફલ્ય ફલશ્રુતિની સમીક્ષા કરતાં ગુજરાતનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે પ્રભાવ વિશ્વના અર્થતંત્રમાં ઉભો થયો છે તેને કેન્દ્રસ્થાને રાખીને ગુજરાતમાં આ સમિટ માત્ર આર્થિક-ઔદ્યોગિક મૂડીરોકાણ, રોજગારી અને વિકાસની દૃષ્ટિએ જ નહીં પણ ગુજરાતે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં વિશ્વસનિય સ્થાન ઉભું કરી લીધું છે. ભારતના અન્ય રાજ્યોએ પણ આ દિશા અપનાવી છે.

આ સંદર્ભમાં જાન્યુઆરી-૨૦૧૩ની વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ગુજરાતની ક્ષમતા અને સામર્થ્યની વિશ્વમાં નવી ઊંચાઈ ઉપર ઓળખ અને શાન પ્રસ્થાપિત કરશે એ અંગેનું માર્ગદર્શન મુખ્યમંત્રીશ્રીએ આપ્યું હતું.

આગામી જાન્યુઆરી-૨૦૧૩ના તા. ૧૧, ૧૨, ૧૩ના દિવસો દરમિયાન આ છઠ્ઠી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાશે. અત્યાર સુધી વિશ્વના દેશોની સરકારો અને ડેલીગેશનોએ જે અભૂતપૂર્વ ઉત્સાહથી પ્રતિસાદ બતાવ્યો છે તે જોતાં ૧૧૦ જેટલા દેશો અને ૫૦૦૦થી અધિક ડેલીગેટો તથા ભારતના મોટાભાગના બધા જ રાજ્યો સમિટમાં ભાગ લેવા આવશે. જાપાન અને કેનેડા, પાર્ટનર કન્ટ્રી-ભાગીદાર દેશો તરીકે જોડાયા છે. જાપાનની મુખ્યમંત્રીશ્રીની મુલાકાતને જે અભૂતપૂર્વ પ્રતિભાવ મલ્યો હતો તે સંદર્ભમાં જાપાનથી ૩૦૦ ડેલીગેટ કંપની સંચાલકો ભાગ લેવાના છે. સમજૂતિના કરાર (MOU) માટે ઓનલાઈન સાઈનીંગ પ્રોસેસ ચાલુ કરવામાં આવેલા છે. સમિટમાં પણ MOU કરી શકાય તેવી વ્યવસ્થા કરેલી છે. જેમાં નવીનતમ પહેલ, રોજગારી લઘુ-ઉદ્યોગ, ટેકનોલોજીને કેન્દ્રસ્થાને રખાશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩ની પૂર્વતૈયારીઓ એક વર્ષ પૂર્વે શરૂ થઈ ગઈ હતી અને અત્યાર સુધીમાં ૫૭ જેટલા પ્રી-ઈવેન્ટ સેમિનાર થઈ ગયા છે. ૨૪મી ડિસેમ્બરથી ૧૦મી જાન્યુઆરી-૨૦૧૩ સુધી બીજા ૮ મહત્વના સેમિનારો સહિત ૫૦ જેટલી ઈવેન્ટ સાકાર થશે. આ ગ્લોબલ સમિટનું મેગા એક્ઝીબીશન હેલીપેડ ઉપર એક લાખ ચોરસ મીટરમાં યોજાશે. અને ગુજરાતને બિઝનેસ હબની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અપાવશે.

# મતગણતરી સ્થળે જિલ્લા પોલીસનો ચાંપતો બંદોબસ્ત

### વિજય સરઘસમાં પણ હંગામો ન થાય તે માટે દરેક પોલીસ સ્ટેશનને જીપ્સી ફાળવી દેવાઈ : કોલેજ સંકુલમાં અને બહાર પોલીસ કાફલો તૈનાત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા વિધાનસભાની પાંચેય બેઠકોની મતગણતરી શહેરના સેક્ટર-૧૫ ખાતેની કોલેજમાં રાખવામાં આવી છે. પાંચેય બેઠકની એક જ સ્થળે રાખવામાં આવેલી મતગણતરી દરમ્યાન ઉમેદવારોની હાર-જીતના ઉત્સાહ કે શોકમાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે સે. ૧૫ની સરકારી કોલેજમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત વિજય બનેલા ઉમેદવારના સરઘસ દરમ્યાન પોલીસની જીપ્સી સરઘસની જોડે જ રાખવા આદેશ આપી દેવામાં આવ્યા છે.

મતગણતરીના સ્થળ સે. ૧૫ સરકારી કોલેજ સંકુલની અંદર અને બહાર તથા કોલેજની બિલ્ડીંગમાં વહેલી સવારથી જ પોલીસની લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ જશે. જિલ્લાની પાંચેય બેઠકોની મતગણતરી એક જ સ્થળે રાખવામાં આવી હોવાથી પરીણામની જાહેરાત બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિક્ષકના સુપરવિજન હેઠળ પાંચ ડીવાયએસપી, ૧૩ પી.આઈ., ૩૫ પી.એસ.આઈ., ૨૫૦ પોલીસ, ૨૫૦ એસ.આર.પી.જવાનો, ૩૦ મહિલા પોલીસ, ૩૫ ટ્રાફીક પોલીસ તથા ક્વીક રીસ્પોન્સ ટીમ કોલેજ સંકુલમાં તથા બહાર તૈનાત રહેશે. તે ઉપરાંત જિલ્લાની દરેક પોલીસ સ્ટેશનને જીપ્સી ફાળવી દેવામાં આવી છે. જીતેલા ઉમેદવારના સરઘસની સાથે પોલીસ સાથેની જીપ્સી ફરશે. શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી તથા જીતેલા ઉમેદવારોના સરઘસ સમાપન થાય તે હેતુથી ચાંપતો બંદોબસ્તનો પ્લાન ઘડીને તૈનાત કરી દેવાશે.

# ચૂંટણી પરિણામો શું આવશે તેને લઈ ઉમેદવારો સમર્થકોમાં ભારે ઉત્તેજના

ગાંધીનગર, તા. ૧૯

વિધાનસભા ચૂંટણીના પરિણામો આવતીકાલે જાહેર થનાર છે ત્યારે કોણ જીતશે અને કોણ હારશે તેને લઈને પરિણામો જાણવા લોકોમાં ભારે ઉત્તેજના જાગવા પામી છે. જ્યારે પિરિણામ શું આવશે તેને લઈને ઉમેદવારો અને રાજકીય પક્ષોના જીવ અદ્ધર થઈ ગયા છે.

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોની બે તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં મતદારોએ ૧૨૦૦થી વધુ ઉમેદવારોના ભાવી ઈ.વી.એમ. મશીનમાં સીલ કર્યા હતા. જે આવતીકાલે હાથ ધરાનારી મતગણતરીમાં બહાર આવશે કે કોણ વિજય થયું અને કોણ પરાજય થયું

આવતીકાલે મતગણતરી હાથ ધરાનારી છે ત્યારે શું પરિણામ આવશે તેને લઈને ભારે ઉત્તેજના લોકોમાં જાગી છે અને છેલ્લી ઘડી સુધી ઉમેદવારો અને તેમના સમર્થકો મતદાનની ગણતરીના આંકડા માંડીને હાર જીતના ગણિત માંડતાજોવા મળી રહ્યા હતા.

જો કે આવતીકાલે ચૂંટણી પરિણામો જાહેર થનાર છે તેને લઈને ઉમેદવારો અને રાજકીય પક્ષોના જીવ અધ્ધર થઈ ગયા છે કે ચૂંટણી પરિણામ કોની તરફેણમાં આવશે.

# ભાજપ કોંગ્રેસના ત્રીસ દિગ્ગજ નેતાઓમાંથી કોના ભાવી આજે ખીલી ઉઠશે

ગાંધીનગર, તા. ૧૯

ભાજપના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત તેમના મંત્રીમંડળના





૨૪ મંત્રીઓના ભાવી આજે ઈ.વી.એમ. માંથી ખુલશે. જ્યારે ભાજપ અને કોંગ્રેસ, જીપીપીના પ્રદેશ અધ્યક્ષોના ભાવી પણ આજે ખુલશે.

બે તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તેમના મંત્રીમંડળના મંત્રીઓ વજુભાઈ વાળા, નરોત્તમ પટેલ, આનંદીબેન પટેલ, નીતિન પટેલ, દિલીપ સંઘાણી, ફકીરભાઈ વાઘેલા, જયનારાયણ વ્યાસ, મંગુભાઈ પટેલ, સૌરભભાઈ પટેલ,લીલાધર વાઘેલા, કિરીટસિંહ રાણા, જશવંતસિંહ ભાભોર, પુરૂષોત્તમ સોલંકી, સુંદરસિંહ ચૌહાણ, વાસણ આહીર, જયસિંહ ચૌહાણ, પરબત પટેલ, વસુબેન ત્રિવેદી, કનુભાઈ ભલાલા, મોહનભાઈ કુંડારીયા, પ્રફુલ પટેલ, પ્રદીપસિંહ જાડેજા અને રણજીત ગીલીટવાલાના ભાવી મતદારોએ ઈ.વી.એમ.માં સીલ કર્યા હતા.

● અનુસંધાન પાન-૪ પર


**TVના રીમોટ મળશે**

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

